બાલાસિનોરના જમીયતપુરામાં પર્યાવરણ સાથે ગંભીર ચેડાં કરતી 'મૌર્ય એન્વાયરો' કંપની સામે તંત્રની લાલ આંખ

બાલાસિનોર : કંપનીએ નિયત મર્યાદા કરતા ૫૫ હજાર ટન વધુ જોખમી કચરો ઠાલવ્યો

ખેડૂતોના કૂવામાં કેમિકલયુક્ત પાણી દેખાતા બાદ તંત્ર હરકતમાં આવ્યું

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૨૮

મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના જમીયતપુરા ગામે આવેલી કોમન હેઝાર્ડસ વેસ્ટ ડિસ્પોઝલ ફેસિલિટી ચલાવતી મૌર્ય એન્વાયરો પ્રોજેક્ટ પ્રાઇવેટ લિમિટેડ સામે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કડક હાથે કાર્યવાહી કરવામાં આવી છે. વારંવારની સૂચનાઓ અને ભૂતકાળમાં અપાયેલા ક્લોઝર ઓર્ડર છતાં પર્યાવરણીય નિયમોના ધજાગરા ઉડાવતી આ કંપનીને તાત્કાલિક અસરથી બંધ કરવા અને તેનું વીજ જોડાણ કાપી નાખવા જીપીસીબીના મેમ્બર સેક્રેટરી દીપાલી ટાંક દ્વારા હુકમ કરવામાં આવ્યો છે.

બાલાસિનોરના જમીયતપુરા ગામમાં આવેલી મૌર્ય એન્વાયરો પ્રોજેક્ટ પ્રાઇવેટ લિમિટેડની મેથી જુલાઈ ૨૦૨૬ દરમિયાન કરવામાં આવેલી પાંચથી વધુ આકસ્મિક તપાસમાં કંપનીની ગંભીર બેદરકારીઓ સામે આવી હતી. સૌથી આઘાતજનક બાબત એ છે કે, કંપનીએ તેની મંજૂર ક્ષમતા ૪,૮૫,૪૫૬ મેટ્રિક ટન સામે આશરે ૫,૪૦,૯૩૯ મેટ્રિક ટન જોખમી કચરો સ્વીકારીને નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કર્યું છે. આ ઉપરાંત, કંપનીનું એફ્લુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બંધ હાલતમાં મળી આવ્યું હતું અને ઝેરી પાણી (લીચેટ) ના નિકાલ માટે કોઈ યોગ્ય વ્યવસ્થા નહોતી.

આ આદેશ મુજબ જો કંપની ૪૮ કલાકમાં તેની પ્રોસેસ સેફ્ટી સાથે પ્લાન્ટ બંધ નહીં કરે તો તેની સામે વધુ કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. આ ઘટનાએ પર્યાવરણના ભોગે નફો કરતી કંપનીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો પૂરવાર કર્યો છે.

ખેડૂતોના કૂવા થયા પ્રદૂષિત

આ કંપનીના પરિસરની બહાર નીકળતા કેમિકલયુક્ત પાણીને કારણે સ્થાનિક ખેડૂતોના કૂવાના પાણી પણ પ્રદૂષિત થયા છે. જેની તપાસ દરમિયાન વજાભાઈ સાળુભાઈ પરમાર અને કાંતિભાઈ આભાભાઈ પરમાર જેવા ખેડૂતોના ખુલ્લા કૂવામાં આછા ભૂખરા અને નારંગી-પીળા રંગનું કેમિકલયુક્ત પાણી જોવા મળ્યું હતું, જેના સેમ્પલ તપાસતા તેમાં જોખમી તત્વોની હાજરી મળી આવી છે.

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના આકરા પગલાં

- કંપનીની તમામ કામગીરી પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ.
- સિંગલ ફેઝ સિવાયનો તમામ વીજ પુરવઠો તાત્કાલિક કાપી નાખવા MGVCLને આદેશ.
- નવા જોખમી કચરાના સ્વીકાર પર સંપૂર્ણ રોક.
- રૂપિયા ૫૦ લાખની બેંક ગેરેન્ટી જપ્ત કરવાની કાર્યવાહી.
- પર્યાવરણને થયેલા નુકસાન બદલ એન્વાયરોન્મેન્ટ ડેમેજ કોમ્પેન્સેશનની વસૂલાત.

બોરસદના નિસરાયા ગામમાં વિકાસના નામે ગેરરીતિઓનો વિવાદ ગરમાયો

મહિલા સરપંચ, તલાટી સામેના તમામ આક્ષેપો તપાસમાં સાચા હોવાનો અહેવાલ રજૂ કરાયો

(પ્રતિનિધિ) બોરસદ, તા.૨૮

બોરસદ તાલુકાના નિસરાયા ગામમાં વિકાસ કાર્યોને લઈને વ્યક્ત કરાયેલા ગેરરીતિના આક્ષેપો હવે તાલુકા પંચાયત બોરસદના તપાસ અધિકારી દ્વારા કરાયેલ તપાસમાં સ્પષ્ટ રીતે ઉજાગર થયા છે.

અરજદાર દ્વારા કરાયેલ લેખિત રજુઆત મુજબ ગામના મુખ્ય તળાવમાં અંદાજે ૨૦ ગૂંઠા જેટલું પૂરાણ કોઈ પૂર્વ મંજૂરી વિના કરવામાં આવ્યું હતું અને ત્યાં દાતા મહેન્દ્ર પટેલ ઉર્ફે "મેકદાદા"નું સ્ટેચ્યુ તેમજ અન્ય બાંધકામ ઉભું કરવામાં આવ્યું હોવાનું જણાવાયું હતું. તપાસ દરમિયાન પણ તળાવ પૂરાણ માટે જરૂરી મંજૂરી લેવામાં આવી ન હોવાનું સામે આવ્યું હોવાનું અહેવાલમાં નોંધાયું છે.

તે ઉપરાંત વર્ષો જૂના હોલને ઉચ્ચ અધિકારીની મંજૂરી વિના તોડી પાડીને તેની જગ્યાએ નવો હોલ બનાવાયો હોવાનો આક્ષેપ પણ સાચો ઠર્યો હોવાનું સ્પષ્ટ થયું છે. પંચાયત નિયમો મુજબ જૂના બાંધકામનો કાટમાળ જાહેર હરાજીથી વેચીને તેની આવક પંચાયત ખાતામાં જમા કરાવવાની હોય છે, પરંતુ આવી કોઈ કાર્યવાહી કરાઈ ન હોવાનું પણ તપાસમાં ઉજાગર થયું છે.

વધુમાં અરજદારે પંચાયતની જમીન પર ખાનગી દબાણ, સામાજિક ન્યાય સમિતિની છેલ્લા પાંચ વર્ષથી બેઠક ન બોલાવવી અને સમિતિને ગ્રાન્ટ ન ફાળવવાના મુદ્દાઓ પણ ઉઠાવ્યા હતા. આ મુદ્દાઓ પણ તપાસમાં સાચા ઠર્યા હોવાનું જાણવા મળે છે.

જિલ્લા વિકાસ અધિકારીના આદેશ બાદ બોરસદ તાલુકા વિકાસ અધિકારી દ્વારા વિસ્તરણ અધિકારીને તપાસ સોંપાઈ હતી. સ્થળ તપાસ અને દસ્તાવેજી ચકાસણી બાદ રજૂ થયેલા અહેવાલમાં તમામ છ આક્ષેપો સાચા હોવાનું સ્પષ્ટ અભિપ્રાય અપાયો હોવાનું સૂત્રો જણાવે છે. જોકે તપાસ અહેવાલ બાદ મહિલા સરપંચને બોરસદ તાલુકા વિકાસ અધિકારી ધ્વારા કારણદર્શક નોટિસ આપવામાં આવી છે.

અરજદાર વિજયકુમાર કાપડિયાએ જણાવ્યું છે કે આગામી ૫મી તારીખ સુધી અહેવાલ જિલ્લા વિકાસ અધિકારીને મોકલવાની ખાતરી આપવામાં આવી છે.

તેમણે ચેતવણી આપી છે કે જવાબદારો સામે કડક કાર્યવાહી નહીં થાય તો ગાંધી ચીંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન શરૂ કરવામાં આવશે.

આણંદમાં વકીલની કાર ચોરાઈ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૮

આણંદ શહેરના હરિઓમ પાર્ક-૧ માં રહેતા અને વકિલાત કરતાં ઘનશ્યામભાઈ શર્માની હ્યુન્ડાઈ ક્રેટા કાર (GJ-23 CH-9765) ગત ૨૬મી જુલાઈની રાત્રે ઘર આંગણેથી ચોરાઈ જતાં ચકચાર મચી ગઈ છે.

આ ઘટનાની વિગતો મુજબ, ઘનશ્યામભાઈ શર્મા રાત્રે મકાનની દીવાલ પાસે કાર પાર્ક હતી. બીજા દિવસે સવારે ગાડી ગાયબ જણાઈ હતી. આ અંગે તપાસ કરતા પાર્કિંગની જગ્યાએ દરવાજાના કાચ તૂટેલી હાલતમાં મળી આવ્યા હતા. રાત્રે આશરે ૧ વાગ્યા સુધી ગાડી ત્યાં જ હતી, પરંતુ ત્યારબાદ તસ્કરો કાચ તોડીને ગાડીની ચોરી કરી ગયા હોવાનું જણાય છે. આ મામલે વકીલે સીટીઝન પોર્ટલ પર e-FIR કર્યા બાદ આણંદ ટાઉન પોલીસ મથકે અજાણ્યા ચોર ઈસમો સામે વિધિવત ફરિયાદ નોંધાવી છે.

નિરંજન શાહ અને જીગર જાની જુથ વચ્ચે સામસામે બદનક્ષી દાવાની ચીમકી

પેટલાદની ચેમ્બર ઓફ કોમર્સમાં નોટિસ યુદ્ધ શરૂ

ખોટા લેટરપેડ અને હિસાબોની ગેરરીતિના આક્ષેપો સાથે વાતાવરણ ગરમાયું

(પ્રતિનિધિ) પેટલાદ તા.૨૮

પેટલાદ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની સત્તા માટે મામલો ગરમાયો છે. છેલ્લા છ મહિનાથી જુના અને નવા હોર્દેદારો પોતે સાચી કારોબારી હોવાનો દાવો કરી રહ્યા છે. આ બંન્ને જુથના હોદ્દેદારો સામસામે આક્ષેપો અને આરોપો મૂકી રહ્યા છે. પેટલાદના મૂળ ચેમ્બર ઓફ કોમર્સની હાલ સાચી કારોબારી અંગે ભારે અવઢવ ચાલી રહી છે. બંન્ને જુથના હોદ્દેદારો પોતે કાર્યરત હોવાનો દાવો કરી રહ્યા છે. આ ઉપરાંત બંન્ને જુથોને સામે સામે કાયદાકીય નોટીસો થકી એક બીજા સામે બદનક્ષીના દાવા માંડવાની ચીમકી પણ ઉચ્ચારતા શહેરમાં ખળભળાટ મચી ગયો છે.

પેટલાદ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝમાં સત્તા મેળવવા કે યથાવત્ રાખવા બે જુથ વચ્ચે આરપારની કાયદાકીય લડાઈના મંડાણ થઈ ચુક્યા છે. આશરે 40 વર્ષથી કાર્યરત આ સંસ્થામાં નિરંજન શાહ અને જીગર જાની જુથ વચ્ચેની ખેંચતાણ ચરમસીમા ઉપર છે. ગત 19મી જુલાઈના રોજ જીગર જાની જુથ દ્વારા પોતે સાચા હોદ્દેદારો હોવાની જાણ વેપારીઓને કરતી જાહેર સુચના પ્રસિદ્ધ કરી હતી. જેની સામે નિરંજન શાહ જુથ દ્વારા પણ જવાબી નોટીસ 23મી જુલાઈના રોજ આપી હતી. આ નોટીસો દ્વારા બંન્ને જુથ પોતે સાચી કારોબારી હોવાનો દાવો કરી રહ્યા હતા. આ ઉપરાંત 20મી જુલાઈના રોજ નિરંજન શાહ જુથના એડવોકેટ રાજેશ કંસારા દ્વારા જીગર જાની સહિત પાંચ વ્યક્તિઓને નોટીસ ફટકારી હતી. જેમાં ઉલ્લેખ હતો કે જીગર જાની જુથ દ્વારા ચેમ્બર ઓફ કોમર્સના લેટર હેડ ખોટા બનાવી ગેરકાયદેસર કારોબારી બનાવી છે. પૂર્વ મંત્રી જીગર જાનીને ગત 28મી જાન્યુઆરી 2026ના રોજ મળેલી કારોબારીમાં બહુમતીથી ઠરાવ કરી સસ્પેન્ડ કર્યા હતા. આ અંગેની લેખીત જાણ કેડીસીસી બેંકને કરવામાં આવી હતી.

આ નોટીસ દ્વારા જીગર જાની જુથ ઉપર એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, તેઓએ ભળતા નામ, લોગોનો ઉપયોગ કરી ગેરકાયદેસર રીતે કમિટી ઉભી કરી છે. જીગર જાની જુથ દ્વારા અત્યાર સુધીમાં જે લેટર પેટ, રબર સ્ટેમ્પ કે દસ્તાવેજી કાગળોનો ઉપયોગ કર્યો હોય તે તમામ વસ્તુઓ દિન 7 માં નાશ કરી જાહેર માફી માંગે તેવું નિરંજન શાહ જુથે આ નોટીસ થકી માંગણી કરી છે.

જો આમ કરવામાં નિષ્ફળ જાય તો જીગર જાની જુથ સામે રૂપિયા પચાસ લાખનો બદનક્ષી દાવો કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

અહેવાલ પ્રસિદ્ધ

નવા હોદ્દેદારોએ પૂર્વ પ્રમુખ સહિતની ટોળકી સામે લાલ આંખ કરી

પેટલાદ ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ હોદ્દેદારોની વિવાદીત કરતૂતો!

બેંક ખાતા સગેવગે કરવા કોરા કાગળ પર લેટરપેડ છપાવી કૌભાંડ આચર્યાનો ગંભીર આક્ષેપ

નવી બોડીનો દાવો કરે છે, તેમણે પોતે સાચા હોવાનું પૂરવાર કરવું પડશે

'અરવિંદભાઈ ભાવસારે તબિયત સારી ન હોવાને કારણે અગાઉ ચેમ્બરમાંથી રાજીનામું આપી દીધું હોવાથી, તેમને હવે આવો કોઈ પત્ર લખવાનો કે સહી કરવાનો અધિકાર નથી.આમ છતાં જે હશે તે કાયદેસર થશે. અમદાવાદની મેઈન ચેમ્બરમાં નવી બોડીએ

નવી બોડીએ પાંચ કરોડની બદનક્ષીનો દાવો કરવાની ચીમકી આપી

આ નોટીસનો જવાબ જીગર જાની જુથ દ્વારા એડવોકેટ હર્ષદ શાહ થકી આપવામાં આવ્યો હતો. જેમાં ઉલ્લેખ છે કે નિરંજન શાહ જુથના જયેશ ઉર્ફે છપ્પન શાહ અને મુકેશ ચોક્સીએ કરેલા બોગસ લેટર કાંડની પોલીસ તપાસ ચાલુ છે. નિરંજન શાહે બોગસ લેટર પેટનો ઉપયોગ કરી પોતાના ભાઈને અન્ય સંસ્થામાં ટ્રસ્ટી બનાવવા કર્યો હતો, જેની પણ તપાસ ચાલુ છે. જીગર જાની જુથ દ્વારા ચેમ્બર ઓફ કોમર્સની ઓફીસ કાર્યરત કરવાની વિચારણા થશે. અમે રજીસ્ટર્ડ સંસ્થાના નોંધાયેલા કારોબારી સભ્યો હોવાનો દાવો જીગર જાની જુથે કર્યો હતો. અમારા મંત્રી પદ દરમ્યાન નિરંજન શાહ જુથ પાસે પાછલા વર્ષોના નાણાંકીય હિસાબો, ઓડીટ રીપોર્ટ, ચોપડા વગેરે વારંવાર માંગવા છતાં મળ્યા નહતાં. જીગર જાનીના સસ્પેન્શન ઠરાવની પણ તપાસ ચાલુ હોવાનો ઉલ્લેખ આ જવાબી નોટીસમાં હતો. નિરંજન શાહ જુથ દ્વારા 23મી જુલાઈની નોટીસ અંગે દિન 7 માં માફી નામું નહીં મોકલે તો તેઓ સામે રૂપિયા પાંચ કરોડની બદનક્ષીનો દાવો કરવાની ચીમકી જીગર જાની જુથ દ્વારા કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

ગધનપુરમાં ખોડલધામના રથનું ભવ્ય સ્વાગત કરાયું, કાગવડ દશાબ્દી મહોત્સવનું નિમંત્રણ અપાયું

લુણાવાડા | ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા આયોજિત આગામી દશાબ્દી મહોત્સવના પ્રચાર અર્થે ખોડલધામનો પવિત્ર રથ ગધનપુર ગામે આવી પહોંચતા ઉત્સાહભર્યું વાતાવરણ સર્જાયું હતું. હરીશભાઈ પટેલની આગેવાની હેઠળ આ પ્રસંગે ગામની દીકરીઓએ પરંપરાગત સામૈયું કર્યું હતું. 'જય ખોડલ'ના નાદ સાથે સમગ્ર ગામ ભક્તિમય બન્યું હતું. જેમાં મહિસાગર ખોડલધામ સમિતિના ટ્રસ્ટીઓ અને કન્વીનરોએ પણ વિશેષ હાજરી આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન આગામી ૧૯ થી ૨૧ જાન્યુઆરી સુધી કાગવડ ખાતે ત્રિદિવસીય મહોત્સવમાં જોડાવા માટે સમસ્ત ગ્રામજનોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

બાકરોલની સ્પેક એમબીએ કોલેજના વિદ્યાર્થીઓની વીસના પોલીપેક ખાતે ઔદ્યોગિક મુલાકાત લીધી

આણંદ | તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત SPEC સંસ્થાના આઈ.એમ.બી.એ.ના વિદ્યાર્થીઓ માટે 'આદ્યારંભ' કાર્યક્રમ હેઠળ ખેડા સ્થિત વીસના પોલીપેક કંપનીની મુલાકાત યોજાઈ હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ ફ્લેક્સિબલ પેકેજિંગ, ઉત્પાદન પ્રક્રિયા અને સપ્લાય ચેઇન મેનેજમેન્ટ જેવી અત્યાધુનિક ટેક્નોલોજીનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. સંસ્થાના ડિરેક્ટર ડો. વિશાલ પાટીદાર અને એચઓડી ડો.નૈતિક રામીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો. આ સફળ શૈક્ષણિક મુલાકાત બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ તથા સમગ્ર ટ્રસ્ટી મંડળ અને મેનેજમેન્ટે વિદ્યાર્થીઓને અને સ્ટાફને શુભેચ્છાઓ પાઠવી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

લુણાવાડા જિલ્લા કોર્ટ ખાતે એડવોકેટ એમ. જે. ડગલીના કાયદાકીય પુસ્તકનું ભવ્ય વિમોચન

લુણાવાડા | લુણાવાડા બાર એસોસિએશન દ્વારા આયોજિત સમારોહમાં ન્યાયિક મહાનુભાવો અને વકીલ મિત્રોની ગરિમામય ઉપસ્થિતિમાં આ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાર એસોસિએશનના પ્રમુખ, હોદ્દેદારો અને કાયદાના વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં ન્યાયિક ક્ષેત્રના અગ્રણીઓ સહભાગી થયા હતા. અમદાવાદથી ખાસ પધારેલા એડવોકેટ સુનિલ પટેલ અને અન્ય મહાનુભાવોએ શ્રી ડગલી સાહેબની આ કાયદાકીય કૃતિને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી. ગૌરવપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયેલો આ કાર્યક્રમ સ્થાનિક વકીલો અને કાયદાના અભ્યાસુઓ માટે પ્રેરણારૂપ બની રહ્યો છે.

ચરોતરમાં પ્રથમ વખત શ્રીકૃષ્ણ હોસ્પિટલમાં એડવાન્સ સિન્થેટિક જ્વેલ એસીએલ ગ્રાફ્ટ સફળ સર્જરી કરી

આણંદ | કરમસદ સ્થિત શ્રીકૃષ્ણ હોસ્પિટલના ઓર્થોપેડિક વિભાગે ચરોતર પ્રાંતમાં પ્રથમ વખત અત્યાધુનિક સિન્થેટિક જ્વેલ એસીએલ ગ્રાફ્ટ ટેક્નોલોજીનો ઉપયોગ કરી ઘૂંટણની લિગામેન્ટ સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. ડભોઈના ૨૬ વર્ષીય વોલીબોલ ખેલાડી પર ડો. અરિન્દ્રજીત ગાંગુલી દ્વારા આ અદ્યતન દૂરબીનવાળી સર્જરી કરવામાં આવી હતી, જે રમત-ગમતની ઈજાઓ માટે ખૂબ જ મહત્વપૂર્ણ સારવાર છે. આ પદ્ધતિમાં શરીરના અન્ય ભાગમાંથી ટીસ્યુ લેવાની જરૂર ન હોવાથી ઓપરેશન બાદનો દુઃખાવો ટળે છે અને દર્દી પ્રથમ દિવસથી જ મજબૂતાઈ મેળવી ઝડપથી સાજો થાય છે.

આણંદ શહેરના ડીએન હાઈસ્કૂલની 'જ્ઞાન સ્થલી' લાઈબ્રેરી ખાતે બુક રિવ્યુ સ્પર્ધા યોજાઈ

આણંદ | આણંદની ડી.એન. હાઈસ્કૂલની લાઈબ્રેરીના ૧૭મા વર્ષમાં મંગળ પ્રવેશની ઉજવણીના ભાગરૂપે ઉડાન વિભાગ દ્વારા બુક રિવ્યુ સ્પર્ધાનું સુંદર આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં શાળાના ૪૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાં વિજેતાઓને પુસ્તક, પ્રમાણપત્ર અને 'બાલમિત્ર' આપી મહાનુભાવોના હસ્તે સન્માનિત કરાયા હતા. મુખ્ય વક્તા સંદીપકુમાર પટેલે વિદ્યાર્થીઓને વધુમાં વધુ વાંચન તરફ પ્રેરાવા પ્રેરણાદાયી ઉદ્બોધન આપ્યું હતું અને મહેશભાઈ પટેલે જીવનમાં બુક રિવ્યુનું મહત્વ સમજાવ્યું હતું. સંસ્થાના અગ્રણી કે. ડી. પટેલે આ સફળ આયોજન બદલ સ્ટાફ, આયોજકો અને તમામ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

આણંદની એનએસ પટેલ આર્ટ્સ કોલેજ દ્વારા 'ધ ઓડિસી' ફિલ્મનું શૈક્ષણિક પ્રદર્શન યોજાયું

આણંદ | આણંદની એનએસ પટેલ આર્ટ્સ કોલેજના અંગ્રેજી વિભાગ દ્વારા વિદ્યાર્થીઓમાં વિશ્વસાહિત્ય અને સાહિત્યના દૃશ્યમાધ્યમો પ્રત્યે સમજ કેળવવાના હેતુથી ગ્રીક કૃતિ આધારિત 'ધ ઓડિસી' ફિલ્મ દર્શાવવામાં આવી હતી. આ શૈક્ષણિક કાર્યક્રમમાં સ્નાતક અને અનુસ્નાતક વિભાગના કુલ ૭૮ વિદ્યાર્થીઓએ ભાગ લઈ ગ્રીક મહાકાવ્ય, પૌરાણિક પરંપરાઓ અને સાહિત્યના સિનેમેટિક રૂપાંતરણ અંગે ગહન સમજ પ્રાપ્ત કરી હતી. સહાયક પ્રાધ્યાપક કૃપેશ ચૌહાણના સંયોજન હેઠળ યોજાયેલા આ સફળ આયોજનમાં અંગ્રેજી વિભાગના અધ્યાપકો મનીષા પ્રજાપતિ, પંકિલ ગોહેલ અને મયુરી રાઠોડે મહત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો.

લુણાવાડાના ખાંટના મુવાડા પ્રાથમિક શાળામાં તિથિભોજન અને શૈક્ષણિક કીટ વિતરણ કરાયું

લુણાવાડા | લુણાવાડાના કોઠંબા સ્થિત ખાંટના મુવાડા પ્રાથમિક શાળામાં સ્વ. કિંજલબેન રાજેશભાઈ ખાંટના સ્મરણાર્થે પરિવાર દ્વારા પ્રેરણાદાયી સેવાકાર્ય યોજાયું હતું. દિવંગત આત્માની શાંતિ અર્થે તમામ વિદ્યાર્થીઓ માટે પૌષ્ટિક 'તિથિભોજન' અને અભ્યાસને પ્રોત્સાહન આપવા શૈક્ષણિક સાહિત્યનું વિતરણ કરાયું હતું. જેમાં ૭૫ ભૂલકાંઓને 'દેશી હિસાબ' અને ૮૬ વિદ્યાર્થીઓને 'કૂલસ્કેપ ચોપડા' આપી તેમની જરૂરિયાતો પૂર્ણ કરવામાં આવી હતી. શાળા પરિવારે બે મિનિટનું મૌન પાળી શોકાંજલિ અર્પી હતી અને પરિવારના આ સેવાકીય અભિગમને વંદનીય ગણાવ્યો હતો.

મહીસાગરના ચાવડી બાઈના મુવાડા ગામે ખોડલધામ રથનું ભવ્ય સ્વાગત કરાયું

લુણાવાડા | મહીસાગરના ચાવડી બાઈના મુવાડા ગામે ખોડલધામ દશાબ્દિ મહોત્સવ અંતર્ગત રથનું ગ્રામજનો દ્વારા રાત્રિરોકાણ સાથે અત્યંત ભવ્ય અને ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખ નરેશભાઈ પટેલના ૬૧ વર્ષ પૂર્ણ થવાના અવસરે ૬૧ વૃક્ષોનું રોપણ કરી પર્યાવરણ જતનનો પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવ્યો હતો. ગામની મહિલાઓ દ્વારા આયોજિત ભક્તિમય ભજનસંધ્યા થી સમગ્ર વાતાવરણ ખોડલધામના જયઘોષ સાથે ગુંજી ઉઠ્યું હતું. ખોડલધામના ટ્રસ્ટીઓ, આગેવાનો અને કલ્પેશભાઈ સહિત સમગ્ર ગ્રામજનોના સહિયારા પુરુષાર્થ થી આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા દિવેલાની વૈજ્ઞાનિક ખેતી અંગે ખેડૂત શિબિર યોજાઈ

આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટી, ડભોઈના ડાંગર સંશોધન કેન્દ્ર દ્વારા સરદાર સરોવર પ્રોજેક્ટ અંતર્ગત દિવેલાની વૈજ્ઞાનિક ખેતી વિશે વિશેષ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ડભોઈ અને શિનોર તાલુકાના આશરે ૪૫ જેટલા ખેડૂતોએ હાજર રહી દિવેલાની સુધારેલી જાતો અને આધુનિક ખેતી પદ્ધતિઓનું માર્ગદર્શન મેળવ્યું હતું. કેન્દ્રના વડા ડો. એ. જી. પંપાણીયા અને અન્ય નિષ્ણાતો દ્વારા ખેડૂતોને દિવેલાના પાકમાં ખાતર, પાણી વ્યવસ્થાપન તેમજ સોઈલ ટેસ્ટીંગના મહત્વ વિશે વિગતવાર માહિતી અપાઈ હતી. આ કાર્યક્રમના અંતે આધુનિક ખેતી પધ્ધતિઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી.

આણંદની તપસ્વી બંગલોઝ સોસાયટીમાં ૧ લાખના ખર્ચે નવનિર્મિત ગઝીબોનું લોકાર્પણ

આણંદ | આણંદના વોર્ડ નં. ૧૩ સ્થિત તપસ્વી બંગલોઝ સોસાયટીમાં દાતાઓના સહયોગથી ૧ લાખના ખર્ચે નવનિર્મિત ગઝીબોનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ ગઝીબોનું ઉદ્ઘાટન કોર્પોરેટર ચેતનાબેન ચાવડા અને મયુરીબેન પટેલના હસ્તે કરવામાં આવ્યું, જ્યાં તેમણે રહીશોની એકતા અને સંગઠન ભાવનાને બિરદાવી હતી. કોર્પોરેટર્સ સોસાયટીના વિકાસલક્ષી કામોને પ્રાથમિકતાના ધોરણે પૂર્ણ કરવાની ખાતરી આપી આર્થિક યોગદાન આપનાર તમામ દાતાઓનો આભાર માન્યો હતો. આ પ્રસંગે સોસાયટીના પ્રમુખ મિનેશભાઈ શાહ, બાકડાઓનું દાન આપનાર દાતાશ્રીઓ અને સોસાયટીના રહીશો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આણંદ શહેરના રોકડીયા હનુમાનજી મંદિરે 42મી અભ્યુદય સત્સંગ સભા યોજાઈ

આણંદ | આણંદ સ્થિત પ્રસાદભૂત રોકડીયા હનુમાનજી મંદિરના ચોગાનમાં મહંત ભક્તવત્સલદાસજી સ્વામીના આયોજન હેઠળ 42મી સત્સંગ સભા ભવ્ય રીતે સંપન્ન થઈ હતી. સભામાં શ્રીજી સ્વામીના ઉદબોધન બાદ મહંત સ્વામીએ ગોપાલનંદ સ્વામીના જીવન ચરિત્ર પર કથાવાર્તા કરી ભક્તોને ભાવવિભોર કર્યા હતા. રાજુભાઇ પટેલ (USA) આ સભાના યજમાન રહ્યા હતા અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુખ્ય ટ્રસ્ટી હરિકૃષ્ણભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સભાના અંતે સ્વયંસેવકો દ્વારા તૈયાર કરાયેલ ભોજન પ્રસાદનો મોટી સંખ્યામાં પધારેલા હરિભક્તોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી.